ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

રંગ અને ઉમંગનું પર્વ - શહેરમાં રંગનું પર્વ ઉમંગથી ઉજવાયું... સવારથી જ શહેરના ચોકઠે - ચોકઠે અને સોસાયટીઓમાં રંગ છાંટી ઉમંગની અભિવ્યક્તિ કરાતી હતી... ગાંધીનગર શહેરના અબાલ-વૃદ્ધ સૌ કોઈ ધૂળેટી રંગના પર્વે એકમેકને રંગ છાંટીને આનંદ-ઉલ્લાસની ચીચીયારીઓ કરતા હતા... હર્ષોલ્લાસ સાથે ઉજવાયેલું રંગ પર્વ સામાજીક સમરસતાનું પર્વ બની ગયું હતું... ઉંચ-નીચ, નાત-જાતના ભેદભાવ સિવાય શહેર આખું રંગોમાં રંગાયું હતું... બપોરે બે વાગ્યા સુધી શહેરના માર્ગો પર દ્વિચક્રી વાહનોમાં યૌવન રંગોથી છલકાતું હતું...

પંચાયતની બજેટ બેઠકમાં ભાજપ જ સુધારા દરખાસ્તો રજુ કરે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની ચૂંટાયેલી પાંખમાં વર્ષ-૨૦૨૩-૨૪ના સૂચિત બજેટને લઈ ઉભા થયેલા મતભેદોને નિવારવા આજે જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલ જિલ્લા પંચાયત આવી પહોંચ્યા હતા. તેમણે પંચાયતના ભાજપના ચૂંટાયેલા સભ્યો સાથે બંધ બારણે બેઠક પણ કરી હતી. મળતી વિગતો પ્રમાણે સભ્યોએ ગ્રાન્ટોની ફાળવણી કરવામાં તેમજ તેના વપરાશ માટે સભ્યોને વિશ્વાસમાં લેવાતા નથી એટલુ જ નહિ કેટલીક જગ્યાએ વધુ ગ્રાન્ટો ફાળવવામાં આવી રહી છે. જો કે આ બેઠકથી જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ સામાજિક કારણોસર હાજર રહી શક્યા ન હતા. સભ્યોએ કરેલી રજુઆતો જિલ્લા ભાજપ પ્રમુખે સાંભળી છે. જો કે રજુઆતોમાં ઉગ્રતા સાથે વ્યાજબીપણુ લાગતાં તેમણે કહ્યુ હતુ કે તમે શાંતિથી વિચારો આપણે આમાં સાથે બેસી યોગ્ય ચર્ચાઓ દ્વારા ઉકેલ તરફ આગળ વધીશુ. મળતી વિગતો પ્રમાણે ૧૪મીએ બજેટ બેઠક બોલાવવામાં આવી છે. આ બજેટ તૈયાર કરતાં પહેલાં સભ્યો સાથેની બેઠકમાં કેટલાક સભ્યોએ ગ્રાન્ટ ફાળવણીને લઈ વિરોધ ધ્યાને લીધો નહતો. આ પછી સભ્યોએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખી ગ્રાન્ટ ફાળવણી અંગે વિચારણા કરવા રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે. આજે જિલ્લા ભાજપ પ્રમુખ અનિલ પટેલ પોતે જ પંચાયત સંકુલમાં એક કલાક જેટલો સમય સભ્યો સાથે બેઠા હતા અને તેમણે યોગ્ય ચર્ચાઓ કરી વચલો માર્ગ શોધવા સૌને સમજાવ્યા હતા અને પુનઃ મળવાની ખાત્રી આપી હતી. રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બજેટ બેઠકમાં ભાજપ તરફથી જ કેટલીક સુધારા દરખાસ્તો આવે તેવી સંભાવનાઓ છે. જો કે મતભેદો તીવ્ર નહિ હોવાનું ભાજપ સંગઠનના સૂત્રો જણાવી રહ્યા છે.

શહેરના નવા સેકટરોમાં પ્રતિદિન સપ્લાય થતા પાણીમાં ૪૦ ટકાની ઘટ

નવા ૧ થી ૧૩ સેકટરોને અનુલક્ષી સરીતા હેડવર્કસને પુરતા પાણીનો સપ્લાય આપવામાં આવતો નથી : પ્રતિદિન ૩૦ એમ એલ ડી ની જરૂરિયાત સામે માંડ ૧૫ થી ૧૭ એમ એલ ડી સપ્લાય : ગરમીની શરૂઆતમાં જ પાણીનો કકળાટ : પાટનગર યોજના વિભાગે પાણી પુરવઠા અને ગટર વ્યસ્થા બોર્ડને પુરતા સપ્લાય માટે પત્ર લખ્યો

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોની શરૂઆત સાથે સેકટરોમાં પાણીનો વપરાશ વધી ગયો છે. શિયાળામાં પ્રતિદિન વપરાશમાં લેવાતા પાણી પુરવઠામાં અંદાજિત ૩૦ ટકાનો ઘટાડો થાય છે. જયારે ગરમીમાં પાણીનો વપરાશ સ્વાભાવિક રીતે જ વધી જાય છે. આ સ્થિતિ વચ્ચે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. શહેરમાં એક અંદાજ મુજબ દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણી વપરાય છે. અલબત્ત સપ્લાય આપવામાં આવે છે. આમ છતા સેકટરોમાં સમયાંતરે પાણીની બુમ ઉઠતી રહે છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર માટે પણ નવી સમસ્યા ઉભી થાય છે. નગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે હાલ સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેના અંતે આગામી દિવસોમાં સેકટરોમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવામાં આવશે જયારે ગટર લાઈન પણ નવી નાંખવામાં આવી રહી છે. પાણીની સમસ્યાને કાયમી ડામવા માટે નવતર આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં રોજબરોજ પાણીની પોકાર ઉઠતી રહે છે. સવારના સપ્લાયના અંતે ઘરની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ ભરાતી ન હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જેના લીધે બપોર થતા જ પાણીની પોકાર ઉઠવા પામે છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા બે મહીનાથી સમયાંતરે પાણીની બુમ ઉઠે છે. પાટનગર યોજના વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા પુરતો સપ્લાય આપવામાં આવતો નથી જેના લીધે સરીતાની ટાંકીમાં પુરતુ પાણી આવતુ નથી આ સ્થિતિ વચ્ચે શહેરના નવા સેકટરોમાં આપવામાં આવતા સપ્લાયમાં અંદાજિત ૪૦ ટકાનો કાપ આવે છે. અલબત્ત પાણીના જથ્થાની ઘટના લીધે સપ્લાય ઓછો થયો છે. આ મામલે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પાણી પુરવઠા ગટર વ્યવસ્થા બોર્ડને પત્ર પણ લખવામાં આવ્યો છે. પેટા વિભાગ નં - ૧ ના નાયબ કાર્યપાલક ઈજનેરને પત્રના માધ્યમથી જણાંવાયુ છે કે સરીતા હેડ વર્કસને પ્રતિદિન પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે નવા સેકટરોમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે પ્રતિદિન ૩૦ એમ એલ ડી જેટલો જથ્થો સપ્લાય કરવામાં આવે છે. જો કે છેલ્લા ઘણાં સમયથી માત્ર ૧૫ થી ૧૭ એમ એલ ડી જેટલુ પાણી જ સપ્લાય કરવામાં આવે છે. જેના લીધે સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આપી શકાતુ નથી જયારે નિયત સમય કરતા પહેલા જ સેકટરોમાં પાણીનો સપ્લાય બંધ કરવાની ફરજ પડે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોના રહીશોમાં રોજબરોજ પાણીની પોકાર ઉઠવા પામે છે. હાલ ગરમીના દિવસોની પણ શરૂઆત થઈ ગઈ છે. આવા સંજોગોમાં પુરતા પ્રમાણમાં પાણી ન આવતા સેકટરોમાં પાણીની પોકાર કકળાટનુ કારણ બની છે. એકબાજુ ગરમીની સિઝન શરૂ થઈ ગઈ છે. ત્યારે પાણીનો ઉપયોગ વધી ગયો છે. ત્યારે રૂટીન મુજબ સપ્લાય થતા પાણીમાં પણ ઘટ આવતા સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે. આજે પણ સેકટરવાસીઓએ પુરતા ફોર્સથી પાણી ન આવ્યુ હોવાનો આક્રોશ વ્યકત કર્યો હતો.

અડાલજમાં બે દિવસમાં બીજો કોરોનાનો કેસ મળતાં તંત્ર સતર્ક

સર્વેલન્સ સઘન કરવા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તબીબોને જણાવ્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસમાં બીજો કેસ કોરોનાનો મળી આવતાં જિલ્લા આરોગ્યતંત્ર ચોંક્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી જ બે દિવસમાં આજે કોરોનાનો વધુ એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ બે કેસ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર અગાઉ કોરોનામાં સપડાયેલ બન્ને મહિલા દર્દી રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. અડાલજમાં આજે એક વેપારીએ શરદી, તાવ અને ઉધરસની ફરિયાદ બાદ ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હાલ તેની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

અગાઉની કોરોનાની લ્હેરમાં અડાલજ એ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ. હવે બે દિવસમાં બીજો કેસ નોંધાતા તંત્ર સતર્ક બન્યુ છે. અને સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા પણ જણાવ્યુ છે. તંત્રએ બે દિવસમાં નોંધાયેલા બન્ને કેસને લઈ ૨૭ જેટલા લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

તંત્રએ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ શંકાસ્પદ લક્ષણો જણાતા હોય તો ટેસ્ટ કરવા માટેની સૂચનાઓ આપી છે. જિલ્લામાં બેવડી ઋતુને કારણે શરદી ખાંસીના કેસો વધ્યા છે. તંત્રએ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવા માટે જણાવ્યુ છે.

પાણીનો બગાડ થતો હોવાના મામલે બોરીજમાં ૧૫ને નોટીસ

પાણીનો વેડફાટ અટકશે નહી તો જોડાણ કટ કરવા સુધીના પગલા લેવાશે : શહેરી વિસ્તારના ગામોમાં પાણીનો બગાડ અટકાવવા માટે તંત્ર સક્રીય થયુ

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં એકબાજુ પાણીની ઘટ પ્રવર્તી હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. જયારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. ત્યારે પાણીની વધતી જરૂરિયાત વચ્ચે પાણીનો બગાડ પણ વધુ થતો હોવાનો રોષ પ્રબળ બની રહ્યો છે. શહેરના સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ પાણીનો વેડફાટ થતો હોવાનુ ધ્યાને આવે છે. આ ઉપરાંત નગરની સરકારી કચેરીઓમાં પણ પાણીનો વિશેષ બગાડ થાય છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ જોડાણકર્તાઓ લાઈનમાં નળ ન લગાવતા પાણી બિનજરૂરી વહી જતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી જેને અનુલક્ષી તંત્રએ તપાસ હાથ ધરી હતી આ દરમિયાન ૧૫ કિસ્સામાં પાણીનો બગાડ થતો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ તંત્રએ આ મામલે જવાબદારોને નોટીસ આપી છે. જયારે બગાડ થતો અટકાવવામાં નહીં આવે તો જોડાણ કટ કરવા સુધીના પગલા લેવાશે.

ગાંધીનગરમાં પાણીની વધતી જરૂરિયાત વધી રહી છે. એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી પુરુ પાડવા માટે નવી પાઈપલાઈન નાંખવા માટે પણ કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં ઠેર ઠેર નવી લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે હાલ પણ સેકટરોમાં પાણીની બુમ ઉઠતી હે છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે શહેરમાં કાર્યરત સરકારી કચેરીઓ અને રહેણાંક વિસ્તારમાં પાણીનો બગાડ પણ વિશેષ થાય છે. નગરના રહેણાંક વિસ્તાર તેમજ સરકારી કચેરીઓમાં પણ રોજબરોજ હજારો લીટર પાણીનો બગાડ થાય છે. કોઈ ઠેકાણે પાણીની લાઈનમાં લીકેજીસના લીધે પણ સતત પાણી વહી જતુ હોવાના દ્રશ્યો પણ ઘણીવાર આંખ સામે આવે છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ નળમાંથી પાણી ટપકતા ટીપે ટીપે કરતા પણ પાણીનો બગાડ થતો રહે છે. નગરની સરકારી કચેરીઓમાં પણ નળ ખુલ્લા રહેવાની સાથે લીકેજીસ જેવી સમસ્યાઓ પણ પાણીના બગાડ પાછળ જવાબદાર છે. શહેરી વિસ્તારના ગામોમાં પણ પાણીનો બગાડ થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સમયાંતરે તપાસ હાથ ધરવામાં આવે છે. અગાઉ તંત્રની ટીમ દ્વારા શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ આદીવાડા સહીતના ગામોમાં તપાસ કરવામાં આવી હતી આ દરમિયાન નળ ન હોય અને પાઈપમાંથી પાણી વહી જતુ હોય તેવી સ્થિતિ પણ જોવા મળી હતી જયારે ઘણાં ઠેકાણે જોડાણકર્તાઓની બેદરકારીના લીધે પાણીનો બગાડ થતો હોવાનુ ધ્યાને અવ્યુ હતુ આ સમસ્યાને

● અનુસંધાન પાન-૭ પર

રાજભવનમાં પ્રધાનમંત્રી મોદીની શંકરસિંહ સાથે બેઠક

વાઘેલાએ હિરાબા સાથેનો ફોટો ગોલ્ડ ફ્રેમ ભેટ આપી પૌત્રના લગ્નનું આમંત્રણ આપ્યુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર ગઈકાલે મોડી રાત્રે પહોંચેલા પ્રધાનમંત્રી મોદી ગઈકાલે રાત્રે જ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને તેમના પરિવારના સભ્યોને મળતાં જ રાજકીય વર્તુળોમાં અટકળોનો દોર આરંભાયો છે.

ગઈકાલે રાત્રે પ્રધાનમંત્રી મોદીને મળ્યા હોવાની વાતનો શંકરસિંહ વાઘેલાએ સ્વીકાર કર્યો છે. તેમણે જણાવ્યુ છે કે તેઓ અને તેમના પુત્ર મહેન્દ્રસિંહ મળ્યા હતા. મહેન્દ્રસિંહના દિકરા નીલરાજસિંહના લગ્ન હોવાથી આમંત્રણ આપવા માટે મળ્યા હતા.

વાઘેલાએ સ્વીકાર્યુ છે કે તેમની સાથે પ્રધાનમંત્રીની બેઠક થઈ હતી. જો કે આ બેઠકમાં માત્ર જૂના સંસ્મરણોને વાગોળ્યા હતા. વર્તમાન સ્થિતિની પણ કેટલીક વાતો થઈ હતી.

તેમણે પ્રધાનમંત્રી મોદીને મળી સ્વ. હિરાબા સાથેનો ફોટો ગોલ્ડ ફ્રેમ કરાવી ભેટ આપ્યો હતો. જ્યારે મહેન્દ્રસિંહે ખેસ પહેરાવી પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યુ હતુ.

કંકોતરી અને આમંત્રણનો સ્વીકાર પ્રધાનમંત્રીએ કર્યો હતો તેમજ સમયાનુકુલ હશે તો ચોક્કસ આવવાનું જણાવ્યુ હતુ.

વાઘેલાની આ મુલાકાત થઈ ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને સરકારના સિનીયર અધિકારીઓ પણ રાજભવન ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

મહેન્દ્રસિંહ વાઘેલાના દિકરા નીલરાજના લગ્ન ૧૧મીએ છે અને ૧૨મીએ સત્કાર સમારોહ ગાંધીનગરમાં યોજાયો છે.

આગામી ચોમાસામાં શહેરના ૧૨ હેકટર વિસ્તારમાં નવા ૮૪૦૦ રોપાઓની વાવણી કરાશે

વન વિસ્તારની હાલત કંગાળ તુટેલી ફેન્સીંગ વચ્ચે ગંદકી અને રખડતા ઢોરનો અડ્ડો : નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ગરમીની શરૂઆત સાથે જ ખાડા ખોદવાનુ પણ શરૂ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આગામી ચોમાસાને અનુલક્ષી નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરી દેવાયુ છે. વનતંત્ર દ્વારા અંદાજિત ૧૨ હેકટર વિસ્તારમાં વિવિધ રોપાઓની વાવણી કરવામાં આવશે જયારે નવા વાવેતરને અનુલક્ષીને હાલ ખાડા ખોદવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરના વન આરક્ષિત વિસ્તારની હાલત હાલ કંગાળ બની છે. તુટેલી ફેન્સીંગ વચ્ચે સફાઈના અભાવે હરિયાળીને પણ સુકારો લાગી જાય તેવી સ્થિતિ છે. જયારે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના અંતે જ ફેન્સીંગનુ કામ હાથ ધરાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન વિસ્તારની હાલત હાલ કંગાળ જોવા મળી રહી છે. વન વિસ્તારની ફેન્સીંગ ઠેર ઠેર તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. જેના લીધે વન વિસ્તારમાં ગંદકી ખદબદી રહી છે. વન વિસ્તારમાં નીલગાય સહીત રખડતા ઢોર પણ અડ્ડો જમાવી બેઠા છે. જયારે સેકટરોના સર્કલ ટુ સર્કલ માર્ગ આસપાસ રહેણાંક વિસ્તાર નજીક સ્થિત વન વિસ્તારમાં દબાણો પણ વધી રહ્યા છે. જો કે દર વર્ષે વન વિસ્તારની રોનક નિખારવા વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આગામી ચોમાસાને અનુલક્ષીને પણ વનતંત્ર દ્વારા નવા વાવેતરનુ આયોજન કરી દેવાયુ છે. સ્માર્ટ સીટી બનતા ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે હરિયાળીનુ પણ નિકંદન વળી રહ્યુ છે. પાણી ગટરની નવી લાઈન નાંખવા સહીત રોડ વાઈડનીંગ અને નવા બિલ્ડીંગો બાંધવાના અનેકવિધ પ્રોજેકટના લીધે સંખ્યાબંધ વૃક્ષોની કટોતી થાય છે. જયારે દર વર્ષે શહેરમાં હરિયાળી નિખારવા માટે નવા વાવેતર માટે ખાડા ખોદવાનુ કામ પણ ગરમીના દિવસોની શરૂઆત સાથે જ કરી દેવામાં આવે છે. આ વર્ષે પણ આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જે અન્વયે અંદાજિત ૧૨ હેકટર વિસ્તારમાં ૮૪૦૦ જેટલા નવા રોપાઓની વાવણી કરાશે આગામી દિવસોમાં ખાડા ખોદવાનુ કામ પુર્ણ કરી દેવાશે જયારે વરસાદી દિવસોની શરૂઆતમાં જ નવા રોપાઓની વાવણી કરાશે. જો કે વન વિસ્તારની હાલત અત્યંત કંગાળ હોવાથી હરિયાળીનુ જતન અને રક્ષણ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ વિકાસના નામે અનેકવિધ વૃક્ષો કપાય છે. જયારે બીજીતરફ નવા રોપાઓની વાવણી અને જતન કરવાનુ કામ પણ મુશ્કેલ બનતુ જાય છે. આ સ્થિતિ વચ્ચે વનવિભાગે નવી ફેન્સીંગ કરવા માટે પણ ખર્ચને મંજુરી આપવામાં આવે તે માટે દરખાસ્ત કરી છે.

આજે ગૃહમાં ત્રણ મહત્વના બોર્ડમાં ધારાસભ્યોની નિમણુંક માટે ચૂંટણી યોજાશે

ગૃહની બીજી બેઠકમાં મા. શિ. બોર્ડમાં બે સભ્યોની નિમણુંક, પંચાયત કાઉન્સીલમાં ૩ સભ્યોની નિમણુંક તેમજ સહકાર કાઉન્સીલમાં ૩ સભ્યોની નિમણુંક અંગેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભા ગૃહની બેઠક આજે બે દિવસના વિરામ બાદ ફરી મળશે. આજે શુક્રવારે ગૃહની બે બેઠક યોજવામાં આવી છે.

ગૃહની પ્રથમ બેઠક સવારે ૧૦ વાગે શરૂ થશે અને તેમાં વર્ષ ૨૦૨૨-૨૩ની પૂરક માંગણીઓ અંગેનું વિનીયોગ વિધેયક ત્રણેય વાંચનમાંથી પસાર કરી મંજૂર કરવામાં આવશે.

ગૃહની બીજી બેઠકમાં પ્રશ્નોત્તરી ઉપરાંત મા. શિ. બોર્ડમાં બે સભ્યોની નિમણુંક, પંચાયત કાઉન્સીલમાં ૩ સભ્યોની નિમણુંક તેમજ સહકાર કાઉન્સીલમાં ૩ સભ્યોની નિમણુંક અંગેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

વિરામ પછીની બીજી બેઠકમાં બિન સરકારી સંકલ્પો પર ચર્ચા કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com